# ચાર્તુમાસ એ ધર્મની ઉપાસનાનું પર્વ છે : પ્રસન્નકીર્તિસાગરજી

## ગાંધીનગર સકલ જૈન સંઘ દ્વારા જૈનાચાર્યનું ભવ્ય સામૈયુ કરાયું

ગાંધીનગર, તા.૧૦

ચાર્તુમાસ એ ધર્મની આરાધના માટેના મહિના છે. ચાર્તુમાસમાં ધર્મનું આચરણ ગુરૂ ભગવંતોની નિશ્રામાં કરવાનું પણ એક અનેરૂ મહત્વ છે. માનવજીવનમાં જે શાળાના વેકેશનનું મહત્વ હોય છે તેમ માણસે પણ તેની અન્ય પ્રવૃત્તિમાંથી ફારેગ થઈ ચાર માસ ધર્મ માટે ફાળવી અને ધર્મની ઉપાસના કરવી જોઈએ તેમ આજે જૈનાચાર્ય પંન્યાસ પ.પૂ. પ્રસન્ન કીર્તિસાગર મહારાજ સાહેબે ચાર્તુમાસ પ્રવેશ નિમિત્તે ગાંધીનગર સંઘ દ્વારા કરાયેલા સામૈયા બાદ માંગલિક આશીર્વચન આપતાં કહ્યા હતાં.

તેમણે કહ્યું કે ધર્મનું આચરણ વૈચારિક અને વ્યવહારિક પરિવર્તનનું રાહબર બની માનવજીવનને ધન્ય બનાવે છે. જીવનમાં ધર્મનું આચરણ અત્યંત મહત્વનું છે. ધર્મ વિનાનું જીવન એ જીવન નથી.

તેમણે કહ્યું કે જીવન તો અનેકને મળે છે પણ સમૃધ્ધ જીવવના સ્વામી બનવાની તક તો અમુકને જ પ્રાપ્ત થાય છે. માનવી પાસે શું છે તે નહિ પણ માનવી પોતે શું છે તેના આધારે તેનું મૂલ્યાંકન કરો.

તેમણે જીવન વ્યવહારમાં કર્તવ્યનિષ્ઠા, પ્રેમાળતા, ઉદારતા અને ઉમદાપણાના ગુણોનું મહાત્મ્ય સમજાવી માનવ જીવનને ધન્ય બનાવવા તેનું આચરણ કરવા સૂચવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે માનવીની માનવી સાથેની લાગણી સભર પ્રમાળતા હશે તો તમે તેના હૃદયમાં સ્થાન પામી ઘણું બધું મેળવી શકશો.

આ પૂર્વે આજે સવારે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના સે-૩૦ ખાતેના નિવાસસ્થાને સકલ ગાંધીનગર જૈન સંઘ દ્વારા મહારાજશ્રીનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું.

આ પછી સામૈયા સાથે વરઘોડો ગાંધીનગરના રાજમાર્ગો પરથી પસાર થઈ સે-૨૨માં જૈન મંદિરે પહોંચ્યો હતો.

સે-૩૦થી આરંભાયેલ વરઘોડો 'ચ' રોડ પર થઈ સે-૨૧માં પ્રવેશ્યો હતો. સે-૨૧માં વેપારીઓ દ્વારા ભવ્ય સ્વાગત થયું હતું. આ વરઘોડો અપના બજાર પાસે આવ્યો ત્યારે સંજયભાઈ સુરેન્દ્રભાઈ શાહ પરિવાર દ્વારા ઘઉની ગાડી સાથે ગુરૂવંદના કરી ભવ્ય સ્વાગત કરાયું હતું. વરઘોડામાં જોડાયેલા જૈન પરિવારોને સાકરનું પાણી આપવામાં આવ્યું હતું.

આ પછી પંચદેવ મંદિર થઈ વરઘોડો સે-૨૨માં આવેલ જૈન દેરાસર ખાતે પહોંચ્યો હતો. વરઘોડામાં ત્રણ બેન્ડ, લીંબોદ્રા પ્રા. શાળાની બાળાઓ તેમજ વિદ્યાર્થીઓ, સમાજના અગ્રણીઓ સર્વશ્રી જશુભા રાણા, શ્રી અજીતસિંહ વાઘેલા, શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી મનુભા રાણા, શ્રી કમલકિશોર જૈન, શ્રી સૂર્યકાન્ત મહેતા, શ્રી વિનોદભાઈ શાહ, શ્રી સંજય શાહ, શ્રી જે.બી. શાહ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી સુભાષ પાંડવ, શ્રીમતિ સ્મિતાબેન વિશે, શ્રી રૂચિરભાઈ ભટ્ટ, શ્રી કેતન પટેલ, શ્રી પ્રવિણ પટેલ, શ્રીમતિ હંસાબેન મોદી, શ્રી અમૃતભાઈ દેસાઈ સહિત અનેક અગ્રણીઓ જોડાયા હતા.

# ચેઈન સ્નેચરો મેયર બંગલા સુધી પહોંચ્યા

## મેયરના વેવાઈ પક્ષના સગાના ગળામાંથી જ દોરો ખેંચાયો

ગાંધીનગર, તા. ૧૦

સબ સલામત ગણાતા ગાંધીનગરમાં આજે ચેઈન સ્નેચરો મેયરના બંગલા સુધી પહોંચી ગયા હતા અને તેમના વેવાઈ પક્ષના સગાના ગળામાંથી જ આબાદ દોરો ખેંચી પલાયન થયા હતા.

જૈનાચાર્ય પ.પૂ. પન્યાસ પ્રસન્નકીર્તિસાગર મહારાજ સાહેબના ચાર્તુમાસ પ્રવેશ નિમિત્તે મેયરશ્રીના સે. ૩૦ના નિવાસ સ્થાને ભવ્ય સામૈયા કરવામાં આવ્યું હતું. ધાર્મિક માહોલ જબરજસ્ત જામ્યો હતો ત્યારે જ આ ઘટના બની હતી અને જોતજોતામાં તમામ શ્રાવકોના કર્ણોપકર્ણને વિસ્તરી ગઈ હતી.

ગાંધીનગરમાં ચેઈન સ્નેચીંગના વધતા જતા બનાવો હવે અખબારોના પાને ચમકતી નિત્ય ઘટના જેવી બની રહી છે પણ તંત્ર આ ચેઈન સ્નેચરોને દબોચવામાં નિષ્ફળ રહ્યું છે.

ગાંધીનગરના મેયરના નિવાસસ્થાને બનેલી આ ઘટનાને સૌને ચોંકીવી દીધો છે. જો કે આ પછી સામૈયાના વરઘોડામાં પણ મહિલાઓની સલામતિ માટે ખાસ વૉચ રખાઈ હતી.

### ગુડાના ૮ ગામોને ફીલ્ટર કરેલુ શુધ્ધ પાણી મળશે

# ગુડાના વિસ્તારોને ૨૪ કલાક પાણી આપવા વિચારણા

## કુડાસણ ખાતે રૂા. ૧૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ફીલ્ટર પ્લાન્ટનું ખાતમુહુર્ત કરતા મંત્રીશ્રી વાનાણી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ ગાંધીનગર જિલ્લાના ૮ ગામોને પીવાનું પાણી ફીલ્ટર પ્લાન્ટમાં શુધ્ધ કરેલું મળતું થશે. ગુડામાં સમાવિષ્ટ અડાલજ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાસણ, હડમતીયા, કોબા, સરઘાસણ અને વાલોર ગામોને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે રૂા. ૧૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ૩.૫ કરોડ લીટરની ક્ષમતાવાળા ફીલ્ટર પ્લાન્ટનું ખાતમુહુર્ત આજે પાણી પુરવઠા રાજય મત્રી શ્રી નાનુભાઈ વાનાણી ના હસ્તે કરવામાં આવ્યું.

મંત્રી શ્રી વાનાણીએ જણાવ્યું હતું કે રાજયના તમામ નાગરીકોને પાણી મળી રહે તેટલું જ નહી પરંતુ આ પાણી સરફેશ, ચોખ્ખું (ટ્રીટેડ વોટર) અને ઘર આંગણે મળી રહે તેવી વ્યવસ્થા પાણી પુરવઠા બોર્ડ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવી છે. શ્રી વાનાણીએ ફીલ્ટર પ્લાન્ટનું કામ સમયસર મર્યાદામાં પુરૂ થાય તે જોવા ખાસ તાકીદ કરી હતી.

ગુડાના ચેરમેનશ્રી અશોકભાઈ ભાવસારે આ -સંગે જણાવ્યું હતુ કે ગુડાના વિસ્તારમાં હાલ પુરતા -માણમાં પાણી મળી રહે છે. અને આવનારા દિવસોમાં ૨૪ કલાક પાણી મળી રહે તેવી વિચારણા હાથ ધરવામાં આવી છે.

ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ગુડાના મુખ્ય કારોબારી અધિકારી શ્રી ડી. થારા પાણી પુરવઠા બોર્ડના સભ્યશ્રી મહેશ સિંહ આ -સંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ પદાધિકારીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સરકારે ગ્રામ્ય વિસ્તારોના વ્યકતિદીઠ ૫૫ લીટર પાણીની જરૂરીયાત દર્શાવી છે તે સામે ગુજરાત ગ્રામ્ય વિસ્તારોમાં વ્યકતિદીઠ ૭૦ લીટર પુરૂ પાડે છે.

## વરસાદી ઝાપટાથી બફારો વધ્યો

ગાંધીનગર, તા. ૧૦

અષાઢી બીજના દિવસે શહેરમાં મન મુકીને વરસ્યો ન હતો. જો કે ઝાપટુ પડતા બફારો વધ્યો હતો.

આજે સવારે આકાશ સ્વચ્છ બનતા સૂર્યનારાયણના દર્શન થયા હતા. કાળા વાદળોનું સ્થાન આછા વાદળોએ લઈ લીધુ હતુ. રાત્રે અને દિવસ દરમ્યાન થોડાક છાંટા પડ્યા હતા અને ૧૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૩૧૬ મી.મી. નોંધાયો છે. આજે સવારે ભેજનું પ્રમાણ ૯૫ ટકા અને સાંજે ૭૯ ટકા રહ્યું હતું.

# ગાંધીનગર ખાતે માર્ગદર્શન શિબિર ભરતી મેળો અને રજીસ્ટ્રેશન કેમ્પ

## જિલ્લાની રોજગાર વિનિમય કચેરીનો ઉપક્રમ

ગાંધીનગર, તા. ૧૦

આઈટીઆઈ દ્વારા સંચાલિત કૌશલ્ય વર્ધન કેન્દ્રો દ્વારા તાલીમ પામેલા યુવાનો માટે રોજગાર-સ્વરોજગારલક્ષી માર્ગદર્શન શિબિર, ઔદ્યોગિક ભરતી મેળો અને લઘુમતિઓ માટે રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું છે. તા. ૧૨મી જુલાઈના રોજ બપોરે ત્રણ વાગે કૌશલ્ય વર્ધન કેન્દ્ર, કોલવડા, તા. ૧૫મી જુલાઈના રોજ ચરાડા, તા. ૧૬મીના રોજ પેથાપુર અને તા. ૨૬મીના રોજ છત્રાલ ખાતે માર્ગદર્શન શિબિર અને ભરતીમેળો યોજાશે. લઘુમતિ ઉમેદવારો માટે પેથાપુર ખાતે રજિસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યુવાનોને આ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.

# રથ મોસાળે પહોંચતાં જ અમી છાંટણાં થયાં

- રથયાત્રા નિયત સમય કરતા ૨૫ મિનિટ મોડી પ્રારંભ થઈ.
- સે. ૨૨માં વેપારી મંડળના કાળીદાસ પટેલ, પશાભાઈ પટેલ, અશોક શ્રોફ, કેતન શાહ તેમજ ડૉ. સંજીવ શાહે રથયાત્રાનું સ્વાગત કર્યું.
- સે. ૧૭માં શોપીંગના વેપારીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યુ. ત્યારબાદ હનુમાન મંદિરના પુજારી નરોત્તમદાસ આચાર્ય, હિતેષ આચાર્ય સહિત સેક્ટરવાસીઓએ પુજાવિધિ કરી યાત્રાનું સ્વાગત કર્યું.
- સે. ૧૬માં નાગરિક બેંક પાસે બેંકના એમ.ડી. ઘનશ્યામ પટેલ તેમજ હરેશ પંચાલ સહિતના આગેવાનોએ રથયાત્રાને વધાવી.
- સે. ૧૬ શોપિંગ સેન્ટરમાં વેપારી મંડળના આગેવાન જીવણ, પોપટ, અમૃત પટેલ, રશ્મિન રાજન તેમજ અશોક પોપટે રથયાત્રાનું સ્વાગત કરી જાંબુ-કાકડીના પ્રસાદનું વિતરણ કર્યું.
- શોપિંગમાં જમ્પરોપ એસોસીએશનના પ્રમુખ ભરત ઠાકોરની આગેવાની હેઠળ અપૂર્વ રાવલ, પ્રશાંત વાઘેલા, અમૃત ઠાકોર અને જયવીર વાઘેલાએ દોરડાકૂદના પ્રયોગો રજુ કરી ભાવિકોને દંગ કર્યા.
- સે. ૧૬ બ્રહ્મભવન પાસે બ્રહ્મસમાજના પ્રમુખ પિનાકીન રાવલ, નરેશ દવે, કનૈયાલાલ પંડ્યા તેમજ પ્રતિભાબેન દવેએ ભગવાનની પૂજાવિધિ કરી રથયાત્રાનું સ્વાગત કર્યું.
- સે. ૧૨ આંબેડકર ભવન પાસે સાંઈનાથ મિત્ર મંડળના દિલિપ બેલાણી, નારણ જાદવ, ભુપેન્દ્ર ક્ષત્રિય દ્વારા ભાવિકોને શરબતનું વિતરણ કરાયું.

સે. ૧૨ ઉમિયા મંદિર પાસે ટ્રસ્ટના પ્રમુખ મંગળદાસ પટેલ, ભોળાદાસ પટેલ તેમજ અનિલ પટેલે રથયાત્રાનું સ્વાગત કર્યું.

- સે. ૧૨/૬ ચોકડી પાસે સતત છઠ્ઠા વર્ષે સ્થાનિક રહિશ મનોજ છાંટબાર



દ્વારા પાણીના પાઉચનું વિતરણ કરાયું.

- સે. ૬ ભુવનેશ્વર મહાદેવ પાસે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, મયુર વ્યાસ, કાલુભાઈ દેસાઈ તેમજ કશ્યપ મહેતા અને ધર્મેન્દ્ર જોશીએ પૂજા આરતી કરી રથયાત્રાને વધાવી.
- સે. ૬માં બિપીનસિંહ ચાવડા દ્વારા ભાવિકોને ચા નું વિતરણ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રમોલેશ્વર મહાદેવ ટ્રસ્ટના ટ્રસ્ટી કેશવલાલ પટેલ, જામસિંહ ઝાલા, રમેશચંદ્ર આચાર્ય, અલ્પેશ રાવલે યાત્રાનું સ્વાગત કર્યુ. ભાવિકોને ૬૮ કિલો મગની પ્રસાદીનું વિતરણ કર્યું.
- સે. ૬ ચીપટાઈપ શોપિંગ પાસે ગોવિંદભાઈ જયસ્વાલ, શંકરભાઈ ચૌધરી, પરાગીબેન પંડ્યા દ્વારા મહાપ્રસાદ અને છાશનું વિતરણ કર્યુંહતું.
- સે. ૬-એના રહિશો ભીખાભાઈ, અલકાબેન જગદીશભાઈ દ્વારા પેપ્સીનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે. ૩-ડી મિત્રમંડળના દિપક પટેલ, અંકિત પટેલ, યોગીન પ્રજાપતિ દ્વારા શરબતનું વિતરણ કરાયું.
- સે. ૬/૩ ચોકડી પાસે રથયાત્રાના દર્શન માટે ભીડ જામી હતી.
- રથયાત્રા દરમિયાન જિલ્લા ટેકવેન્ડો એસોસીએશનના યુવાનોએ તલવારબાજી સહિતના પ્રયોગો રજુ કરી ભાવિકોને દંગ કર્યા.
- ઘ-૨ રિક્ષા સ્ટેન્ડના ગોપાલક મંડળના રણુ ભરવાડ, ભરત ભરવાડ દ્વારા છાશનું વિતરણ કરાયું.
- ઘ-૨ સર્કલ પાસે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં



આવ્યું. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, જિલ્લા કોંગ્રેસના કે.પી.સોલંકી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પૂર્વપ્રવીણ પટેલ, વિક્રમસિંહ ખાચર સહિતના આગેવાનોએ ભાવિકોને નાસ્તા અને પાણીના પાઉચનું વિતરણ કર્યુંહતું.

- સે. ૨ વસાહત મંડળના પ્રમુખ રાજેન્દ્ર પારેખ, પ્રમોદ દવે તેમજ કોર્પોરેટર મનુભાઈ પટેલ, આશિષ દવે અને રમિલાબેન પરમારે યાત્રાનું સ્વાગત કર્યું. ભાવિકોને છાશ અને પાણીના પાઉચનું વિતરણ કરાયું.
- સે. ૭ કોર્નર પાસે લાયન્સ લીયો ક્લબ દ્વારા ભાવિકોને પાણીના પાઉચ અને શરબત પીરસાયુ. સે. ૭ શોપીંગ સેન્ટરમાં પણ છાશ અને પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. સેક્ટર-૭ શોપીંગ સેન્ટર પાસે કોર્પોરેટર શ્રી કાર્તિક પટેલ અને વસાહતી - વેપારી અગ્રણીઓએ ભવ્ય સ્વાગત કર્યુંહતું.
- સે. ૮ના પ્રવેશ દ્વારે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા, સ્મિતાબેન જ્હા, ગાંધીનગર સમાચારનો સ્ટાફ, ઉપરાંત કલ્ચરલ ફોરમના અગ્રણીઓએ ભગવાન જગન્નાથજીની પૂજા અર્ચના કરી.
- રથયાત્રામાં કોઈ બાળક કૃષ્ણ સ્વરૂપે તો કોઈ રામ સ્વરૂપે જોવા મળ્યા. વિવિધ વેશમાં સજજ બાળકો આકર્ષણનું કેન્દ્ર બન્યા.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કર્મચારી મંડળ દ્વારા બિરસામુંડાભવન નજીક છાશ અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- 'છ'માર્ગ પર રહેણાંક વિસ્તાર ન હોવાથી રથયાત્રાએ વેગ પકડ્યો
- સે. ૯ શોપીંગ સેન્ટરના વેપારી રાજુભાઈ, શૈલેષભાઈ, વિપુલભાઈ, ગઢવીભાઈ દ્વારા શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- એરફોર્સની સામે સે. ૯ ખાતે ભારત વિકાસ પરિષદ, ગાંધીનગરના કર્મચારીઓ દ્વારા શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- નવા સચિવાલયના ગેટ નંબર-૨ પાસે ધોળાકૂવાના ગોવિંદભાઈ વણજારા દ્વારા આઈસ્ક્રીમ કોનનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે. ૧૯ શોપિંગ સેન્ટરના વેપારી ભૂપેન્દ્ર મહેતા, નાગેશભાઈ રાવ સહિતના વેપારીઓએ ભક્તો માટે શરબતનું આયોજન કર્યું હતું.
- સે. ૨ ના ગલ્લા મિત્ર મંડળના જીતેન્દ્ર પ્રજાપતિ અને હિતેન્દ્ર પટેલે સે. ૨૦ ખાતે પાણીના પાઉચ વિતરણ કર્યા હતા.
- સે. ૨૦ શક્તિચોક યુવક મંડળના આગેવાન શિવાભાઈ પ્રજાપતિ, યોગેશભાઈ અને સુરસિંહ ચૌહાણે છાશનું વિતરણ કર્યું હતું.
- સે. ૨૦ સ્વામિનારાયણ મંદિર દ્વારા સ્વાગત કરી નિતિન છનિયારા સહિતના હરિભક્તોએ ભક્તોને પ્રસાદનું વિતરણ કર્યું હતું. શ્રી કે.જી. વણઝારાના સહયોગથી જયમાં મિત્ર મંડળના યુવાનો સાગર શાહ, સુનિલ શાહ, અનિલ વછેટા સહિતના યુવાનોએ લીંબુ શરબત અને બુંદી તેમજ કેળાની પ્રસાદીનું વિતરણ કર્યું હતું.
- સે. ૩૦ નવદિપ એપાર્ટમેન્ટના રહિશો દ્વારા છાશ, પાણી અને બુંદીની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે. ૩૦ ગુરૂદ્વારા પાસે શીખ ભાઈઓએ પાણીના પાઉચનું વિતરણ કરી કોમી એકતાનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.
- સે. ૩૦ શોપિંગ સેન્ટર ખાતે શહેરના મેયર મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ અને કોર્પોરેટર હંસાબેન મોદીએ રથયાત્રાનું સ્વાગત કરી ભગવાનના દર્શન કર્યા હતા.
- વેપારી મંડળ, સે. ૩૦ અને નરેન્દ્રસિંહ રાઠોડના સહયોગથી છાશ અને પાણીના પાઉચ વિતરણ કરવામાં આવ્યા હતા.
- મધુર પરિવાર દ્વારા સે. ૩૦ ખાતે છાશનું વિતરણ કરવામાં આવ્યું
- જલારામ મંદિર સે. ૨૯ મોસાળ ખાતે રથયાત્રા બપોરે સવા એક વાગે પહોંચી ગઈ હતી.
- જ્યા આશરે ૪ હજારથી વધુ ભાવિક ભક્તોએ ખીચડી, બટાકાનું શાક, મોહનથાળ અને છાશનો પ્રસાદ લીધો હતો.
- યાત્રાનો પહેલો રથ જેવો મોસાળે પહોંચ્યો કે તરત જ આકાશમાંથી અમી છાંટણા વરસતા ભક્તો પણ ઘેલા બની ગયા હતા.
- સે. ૨૯ મહાકાળી મંદિરના મહંત બાબુપુરી ગોસ્વામી દ્વારા શરબતનું આયોજન કરવામાં આવ્યું હતું.



- સે. ૨૮ એકતા મિત્રમંડળ દ્વારા કાકડી, જાંબુ અને મગની પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં કિર્તિભાઈ પટેલ જેઓ લારીગલ્લા એસોસિએશનના પ્રમુખ દ્વારા સવિશેષ જવાબદારી લેવામાં આવી હતી.
- સે. ૨૮ના ચીપટાઈપ શોપિંગ ખાતે રથયાત્રાનું સ્વાગત બાબુભાઈ મનસુરી, મહેમદહુસેન મેમણ, હુસેનભાઈ મનસુરી દ્વારા કાકડી, જાંબુ અને લીંબુ શરબત દ્વારા યાત્રિકોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે. ૨૮ના વરિયા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટ તેમજ વહિયા પરિવાર દ્વારા પાણી અને લીંબુ શરબતનું આયોજન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું.
- સે. ૨૭ના સ્થાનિક કમલેશભાઈ નાયક દ્વારા રથયાત્રિકોને પાણીની તરસ છીપાવવા પાણીના પાઉચની સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.
- સે. ૨૭ સોમનાથ મંદિર આગળ એસ.આર.પી. ગ્રૂપ-૧૨ દ્વારા મ્યુઝીકલ બેન્ડ દ્વારા તેમજ તેમના કમાન્ડો પી.આઈ. ચૌધરી દ્વારા આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાના- ૭ પર

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૮

સૂર્યાસ્ત : ૭.૧૯

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૫ ટકા ● સાંજે ૭૯ ટકા

વરસાદ ૧૮ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ધ લોન રેન્જર(હિન્દી) : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

ધનચક્કર : ૧.૧૫

: સ્ક્રીન-૨ :

લૂટેરા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

રાંઝણા : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ફુકરે : ૬.૪૫

: સ્ક્રીન-૪ :

પોલીસગીરી : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૧૫

ધનચક્કર : ૭.૧૫

### સૂર્યા, વાવોલ

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મંગલફેરા : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

લૂંટેરા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધનચક્કર : ૧૦.૩૦, ૭.૦૦

રાંઝણા : ૧.૧૫, ૧૦.૦૦

લૂંટેરા : ૪.૦૦

### ચિરાગ, કલોલ

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કામધંધા અર્થે અથવા અંગત કારણોસર નાની મુસાફરી થઈ શકે છે. લેખન માટે સારો દિવસ છે તેતી એ સંબંધિત કાર્યો થાય. બૌદ્ધિક અને તાર્કિક વિચાર વિનિમય થાય. મહિલાઓને કોઈ સાથે વાદવિવાદમાં ન ઉતરવું.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોમાં સફળતાનો યોગ. ખર્ચ પ્રવાસનો યોગ. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યનો યોગ.

**કુંભ** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. કંકુબેન નારણદાન ગઢવી (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૭૨૯/૨, સેકટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. કાન્તિભાઈ મણીલાલ બજાણીયા (ઉ.વ.૫૦)લગ્નવાડીના છાપરાં, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. મંગૂબેન પ્રતાપજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ.પો. મહુન્દ્રા, તા.,જિ. ગાંધીનગર.